।।શ્રીકૃષ્ણાય નમઃ।।
।।શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ।।

# શ્રીભાગવતસ્કન્ધપ્રકરણાધ્યાયવિભાગસૂચિકા

ભગવત્પ્રેમથી ભિન્ન નથી કાંઈ સાધન ઉત્તમ ।। શ્રીભાગવતશ્રવણ-પઠન સાધન સર્વોત્તમ।।૧।।
દ્રવ્યલાભનાં અર્થે કરતાં તે અધમાધમ ।। દંભપ્રયોજનરહિત હોય તો જાણો સત્તમ।।૨।।
વલ્લભનો ઉપદેશ ભૂલવો તે જ મતિભ્રમ ।। પુષ્ટિમાર્ગ-અનુગામી થવાનો આ કેવો ભ્રમ।।૩।।
ગોપીનાથપ્રભુચરણ વલ્લભસુત સક્ષમ ।। પંચશતી નિષ્ઠાપ્રદ ઉત્સવ થશે મહત્તમ।।૪।।

**(ઉપક્રમ)**

ભાગવતાર્થનિબન્ધમાં ઉપદિષ્ટ રીતિને પ્રમાણે શ્રીભાગવતીય સ્કન્ધ પ્રકરણ અને અધ્યાય નાં વિભાગોનું નિરૂપણ સમજવાં જતાં કેટલીક વાતો જાણી લેવી જરૂરી છે.

શ્રીભાગવત મહાપુરાણ મુજબ–

મનુષ્યના માટે સહુથી શ્રેષ્ઠ ધર્મ તો તે જ હોય છે કે જેને કારણે અધોક્ષજ ભગવાન્‌માં ફલોમાટે કોઈ પણ કામનાથી રહિત અહૈતુકી અને રોગ વિ. પ્રતિબન્ધોથી રહિત અપ્રતિહતા ભક્તિ સિદ્ધ થઈ શકે. આ કારણે, પોતે પરમાત્માની માફક જ, ભગવદ્ધર્મોના આવેશવશ જીવાત્માનું અન્તઃકરણ પણ સુપ્રસન્ન બની શકે છે. કેમકે ભગવાન્ વાસુદેવની સાથે ભક્તિયોગ વડે જોડાઈ જતાં સહજ રીતે જાગતિક વિષયોમાં વૈરાગ્ય અને જગદીશના ગુણ-ધર્મ-લીલા-માં અનુરાગ પ્રકટ થઈ જતો હોય છે. નહિતો યથાવત્ ધર્માનુષ્ઠાન કરવાં છતાંય ભગવત્કથામાં જો રતિ ઉત્પન્ન ન થતી હોય તો એવા ધર્માનુષ્ઠાનને નિરર્થક શ્રમ જ કેવળ સમજી લેવું જોઈએ. કેમકે મોક્ષપ્રદાયક ધર્મપુરુષાર્થનું પ્રયોજન ક્યારેય આર્થિક લાભ હોઈ શકતું નથી. ધર્મપ્રસાધક અર્થપુરુષાર્થનું પ્રયોજન ક્યારેય ક્ષુદ્ર કામનાઓની તુષ્ટિને માની શકાતું નથી. તેમજ કામપુરુષાર્થનું પ્રયોજન ફકત આપણી ઈન્દ્રિયોને સુખપ્રદાન કરવામાં સીમિત કરી શકાતું નથી. કેમકે પોતે જીવનનું પણ પ્રયોજન કેવળ જીવનાં પોતાનાં સ્વરૂપના જ્ઞાનમાં પરિસીમિત કરી શકાતું નથી. તત્ત્વવેત્તાઓ મુજબ પરમ તત્ત્વ તે અદ્વય જ્ઞાન હોય છે જેને 'બ્રહ્મ' 'પરમાત્મા' અને 'ભગવાન્' કહેવામાં આવે છે. મુનિગણ આવા તે તત્ત્વમાં શ્રદ્ધા રાખતા હોવાથી શ્રુતિગૃહીત ભક્તિદ્વારા તે તત્ત્વને પોતાની આત્માની ભીતર વિદ્યમાન એવા આત્માનાં રૂપે નિરખતા હોય છે. આથી વર્ણાશ્રમનાં વિભાજન મુજબ સાધારણ પુરુષોની સરખામણીમાં જેમ દ્વિજોને શ્રેષ્ઠ માનવામાં આવે છે, તેમજ ધર્મોની પણ સરખી રીતે અનુષ્ઠાન, અન્તે તો આત્મા અને પરમાત્મા બેઉને સન્તુષ્ટ કરનારું હોય ત્યારે જ શ્રેષ્ઠ માની શકાય. તેથી જ્યાં-ત્યાં રખડવાને કારણે આપણું મન વ્યગ્ર ન બની જાય તેથી સાત્ત્વત ભક્તોનાં નાથ ભગવાન્‌ની બાબતમાં શ્રવણ-વાણી રૂપ બાહ્યેન્દ્રિયોં દ્વારા શ્રવણ (એટેલે કે ભગવાન્‌નાં વાચક પદ અને વાક્યો દ્વારા ભગવાન્‌નું કેવું સ્વરૂપ નિર્ધારિત થતું હોય તે સાંભળવું ) અને કીર્તન (ભગવાન્‌નાં તેવાં સ્વરૂપનાં નિર્ધારક વચનોનું પુનઃ-પુનઃ આવર્તન) કરવું જોઈએ. આમ જ આન્તર ઈન્દ્રિયો દ્વારા ધ્યાન (ચિત્તને સુસ્થિર બનાવવું અથવા ભગવત્સ્વરૂપ કે ભગવન્મૂર્તિ નું સતત અનુસન્ધાન) કરવું જોઈએ. અંતે બાહ્યાભ્યન્તર બધે જ ભગવાન્‌નું પૂજન હંમેશા કરતા રહેવું જોઈએ. આજ પ્રમુખ ધર્મ છે.

(જુવો : ભાગ.પુરા.૧।૨।૫-૧૪).

આ ભાગવતનાં વચનોનાં આધારે આટલું તો સ્પષ્ટ થઈ જતું હોય છે કે શ્રવણ-કીર્તન વિ. નાં વિષય

ભગવાન્ જ હોવા જોઇએ. કેમકે ભગવાન્‌ને સાક્ષાત્ તો સાંભળી શકાતું નથી છતાંય ભગવદ્‌વાચક શબ્દો તો સાંભળી શકાય છે. કેમકે ભગવાન્ અને તેમની લીલા વચ્ચે પરસ્પર સમ્બન્ધ સૂર્ય અને તેની રશ્મિના પ્રકાશ ની માફક અન્યોન્યાત્મક જ હોય છે. તેથી તેમજ શબ્દોનું શ્રવણ પણ ભગવાન્‌નું જ શ્રવણ સિદ્ધ થાય છે. ભગવાન્‌ની લીલાઓ સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઊતિ મન્વન્તર ઈશાનુકથા નિરોધ મુક્તિ અને આશ્રય આમ દસ રીતે વર્ણિત થયેલી છે. તેથી દશવિધ લીલાઓની સાથોસાથ લીલાકર્તાનાં રૂપે ભગવાન્‌નું શ્રવણ આદિ કરવું જોઇએ. આ લીલાઓનાં શ્રવણ આદિમાં અધિકાર પણ અપેક્ષિત હોય છે. તેથી પહેલા અધિકાર અને સાધન નાં નિરૂપણ પછી તૃતીય સ્કન્ધથી માંડીને બારમાં સ્કન્ધ સુધી દશવિધ લીલાઓનું નિરૂપણ કરમાં આવ્યું છે.

આ લીલાઓનાં શ્રવણ વિગેરેનાં અંગ તરીકે અધિકાર તથા સાધનો નું નિરૂપણ ક્રમશઃ પ્રથમ તથા દ્વિતીય સ્કન્ધોમાં કરવામાં આવ્યું છે.

### (પ્રથમસ્કન્ધનાં ત્રણ પ્રકરણો)

શ્રીભાગવતનાં શ્રવણનો અધિકાર [ક]હીન [ખ]મધ્યમ તથા [ગ]ઉત્તમ આમ ત્રણ પ્રકારે સમ્ભવે છે. તેથી પ્રથમ સ્કન્ધમાં તે મુજબ ત્રણ પ્રકરણો ગોઠવવામાં આવ્યા છે.

### (૧-૩ એમ ત્રણ અધ્યાયોમાં પ્રથમ [ક]પ્રાથમિક યા હીન અધિકારનું દ્યોતક પ્રકરણ)

શ્રીભાગવતના શ્રવણમાટે પ્રાથમિક કે હીન અધિકારના રૂપે એટલેકે ન્યૂનતમ યોગ્યતા શ્રોતાની ૧.જિજ્ઞાસુતા ૨.અમાત્સર્ય અને ૩.શ્રવણાદર માનવામાં આવ્યા છે. શ્રીભાગવતકીર્તનાર્થ વક્તાના યોગ્ય અધિકારી હોવાનાં ગુણોનાં રૂપે ૧.સ્વયં ભાગવતનાં તત્ત્વને સમ્પ્રદાય મુજબ સરખી રીતે સાંભળીને સમજનાર, ૨.ચતુર અને ૩.ગૂઢ અર્થોને જાણનારો માનવામાં આવ્યો છે. તેથી ત્રણ ગુણો મુજબ ત્રણ અધ્યાયો આ પ્રકરણમાં યોજવામાં આવ્યા છે.

આ હીનાધિકાર-પ્રકરણનાં પ્રથમ અધ્યાયમાં પ્રશ્નકર્તાના રૂપે શ્રોતાના જિજ્ઞાસુ હોવાનો ગુણ. તેમજ વક્તાએ કેવા અધિકારી વક્તાનાં મુખે ભાગવત સાંભળેલી છે તે સમ્પ્રદાયનાં વર્ણનદ્વારા પોતાની બાબતમાં યોગ્ય અધિકારી હોવાનું સૂચવવામાં આવ્યું છે.

આ હીનાધિકાર-પ્રકરણનાં બીજાં અધ્યાયમાં કર્મ અને જ્ઞાન ની બાબતમાં તેમજ ભગવદવતારનાં પ્રયોજન અને લીલા ની બાબતમાં પ્રશ્ન કરવામાં આવ્યા હોવાથી શ્રોતાની ભીતર માત્સર્ય નથી, તે સૂચિત થયું. તેમજ આ જિજ્ઞાસાઓનું સમાધાન કરી શકે એવું વક્તાનું ચાતુર્ય નિરૂપિત થયું છે.

આ હીનાધિકાર-પ્રકરણનાં ત્રીજાં અધ્યાયમાં રૂપાત્મક ભગવાન્‌નાં અવતારોનું નિરૂપણ કરવામાં આવ્યું હોવાથી શ્રોતાનું શ્રવણરૂપ સાધનમાં આદરભાવ તેમજ વક્તામાં તેવા ગૂઢ રહસ્યોને જાણતો હોવાની યોગ્યતા દેખાડવામાં આવી છે.

આમ શ્રોતા અને વક્તા બન્નેનાં હીન કે પ્રાથમિક અધિકારનું સૂચન અહીંયા થયું.

### (૪-૬ ત્રણ અધ્યાયોવાળું બીજું [ખ]મધ્યમાધિકારનું દ્યોતક પ્રકરણ)

આવી રીતે મધ્યમાધિકારના રૂપે ૧.ભગવત્કૃપા ૨.ભગવદીયતા અને ૩.ભગવદેકાગ્રતા રૂપી ત્રણ ગુણ શ્રોતા અને વક્તા ની ભીતર અપેક્ષિત હોય છે. તે મુજબ અધ્યાયો પણ અહીં ત્રણ યોજિત થયા છે.

મધ્યમાધિકાર-પ્રકરણનાં પ્રથમ અધ્યાયમાં પ્રસ્તુત કથાની પ્રેરણાનો હેતુભૂત પ્રસંગનું જે નિરૂપણ કરવામાં આવ્યું તે મહર્ષિ વેદવ્યાસની ભીતર ભગવાન્ દ્વારા વિચારિત ભગવદીયતાનાં વર્ણન માટે છે.

મધ્યમાધિકાર-પ્રકરણનાં બીજાં અધ્યાયમાં પ્રશ્નોનાં ઉત્તર અને કૃતિ નું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમ મહર્ષિ વેદવ્યાસ અને દેવર્ષિ નારદ ની કથારૂપા સાધનામાં અપેક્ષિત ભગવાન્ દ્વારા સમ્પાદિત શરીરવાળા હોવાનાં નિરૂપણ થકી તેમનું ભગવદીય હોવું પ્રતિપાદિત કર્યું.

મધ્યમાધિકાર-પ્રકરણનાં ત્રીજાં અધ્યાયમાં ફલનાં નિરૂપણમાટે દેવર્ષિ નારદની ભગવદીયતા નિરૂપિત કરવામાં આવી.

આમ ત્રણ અધ્યાયોમાં મધ્યમાધિકારી અહીંયા વર્ણનીય માનવામાં આવ્યો છે.

## (૭-૧૯ એવા તેર અધ્યાયોવાળું ત્રીજું [ગ]ઉત્તમાધિકારનું દ્યોતક પ્રકરણ)

ઉત્તમાધિકારમાં તો ચિત્તની ભગવદેકતાનતાની, એટલે કે ભગવાન્ સિવાય બીજા કોઈ પણ વિષયમાં દૃઢ વૈરાગ્યની, અપેક્ષા રહે જ છે. આવી રીતે કેમકે પુરુષને દ્વાદશાંગ માનવામાં આવ્યું છે; તેથી, ક્ષરપુરુષ કરતાં અતીત અને અક્ષરપુરુષથી ઉત્તમ આવા પુરુષોત્તમ ભગવાન્ જ ભાગવતના પ્રમુખતયા પ્રતિપાદ્ય વિષય છે, આ જણાવવા સારું ૧૩ અધ્યાયોમાં ઉત્તમાધિકારનું નિરૂપણ કરવામાં આવ્યું.

ઉત્તમાધિકાર-પ્રકરણમાં પ્રથમ, એટલે કે સ્કન્ધની શરુઆતથી ગણતાં સાતમાં, અધ્યાયમાં વર્ણનીય ઉત્તમાધિકારી મહારાજા પરીક્ષિતમાં પૂર્વપુરુષોની પરમ્પરાને કારણે કોઈ દોષ નથી તેવી કથાદ્વારા તેમનું ઉત્તમાધિકારી હોવું દેખાડવામાં આવ્યું છે.

ઉત્તમાધિકાર-પ્રકરણમાં બીજાં, એટલે કે સ્કન્ધની શરુઆતથી ગણતાં આઠમાં, અધ્યાયમાં કુન્તીએ કરેલી જે ભગવાન્‌ની સ્તુતિ તેનું નિરૂપણ છે. એટલે કે બ્રહ્મનાં સ્વરૂપની બાબતમાં અજ્ઞાનને કારણે થતાં દુઃખની ભગવાન્‌ની કૃપાને કારણે થતી નિવૃત્તિ તેમજ સ્ત્રીપરમ્પરાની દૃષ્ટિએ પણ મહારાજા પરીક્ષિતનાં ઉત્તમ શ્રોતા હોવાનું નિરૂપણ અભિપ્રેત માનવામાં આવ્યું છે.

ઉત્તમાધિકાર-પ્રકરણમાં ત્રીજા, એટલે કે સ્કન્ધની શરુઆતથી ગણતાં નવમાં, અધ્યાયમાં યુધિષ્ઠિરને જે ભીષ્મદ્વારા ઉપદેશ આપવામાં આવ્યો તે વર્ણિત થયો છે. આ જીવનાં સાચા સ્વરૂપની બાબતમાં અજ્ઞાનને કારણે જે દુઃખ થઈ શકતાં હોય તેવાં દુઃખો, પરમ કૃપાલુ ભગવાન્દ્વારા નિવૃત્ત કરવામાં આવ્યા તે વર્ણિત થયેલ છે. આથી શ્રોતાનાં અન્નદાતાનાં રૂપે જે પોષક હોય તે દૃષ્ટિથી પણ શ્રોતાની ઉત્તમતા કે નિર્દોષતા સમજાવવામાં આવી છે.

આ પ્રકરણનાં ચતુર્થ, એટલે કે સ્કન્ધાદિથી ગણતરી કરતાં દસમાં, અધ્યાયમાં આ પ્રકરણનાં પ્રમુખ શ્રોતાનાં સગાં-વ્હાલાં ભીમ વિગેરેનાં કારણે પણ જે ભગવત્પરતા વર્ણવાયી તે સાંસર્ગિક દોષોથી પણ રહિત હોવું પ્રમુખ શ્રોતા, મહારાજ પરીક્ષિત, ની બાબતમાં સૂચવાયું છે.

આ પ્રકરણનાં પાંચમાં, એટલે કે સ્કન્ધાદિ થી ગણતરી કરતાં અગિયારમાં, અધ્યાયમાં ભગવાન્‌નું લીલાકાર્ય સમ્પન્ન થઈ ગયું હોવાથી ભગવાન્‌ની સુખસ્થિતિ અને તેને કારણે પાર્થને પણ ભગવત્સુખને કારણે સુખી દેખાડવાનાં કારણે આગન્તુક દોષોનો અભાવ પણ પ્રકરણનાં પ્રમુખ શ્રોતાનાં સન્દર્ભમાં સૂચિત કરવામાં આવ્યું છે.

ઉત્તમાધિકારનાં આ પ્રકરણમાં છટ્ઠાં, એટલે કે સ્કન્ધાદિથી ગણતરી કરતાં બારમાં, અધ્યાયમાં ભગવવાન્ દ્વારા રક્ષિત પુત્ર પ્રાપ્ત થવાથી પાર્થની વિશેષ સુખસમ્પત્તિ વર્ણવાયી છે.

આ સાતમાં, એટલે કે તેરમાં, અધ્યાયમાં ધૃતરાષ્ટ્રની મુક્તિનાં વર્ણન થકી બીજની મુક્તિદ્વારા દોષોની

નિવૃત્તિ નિરૂપિત થયી છે.

આ આઠમાં, એટલે કે ચૌદમાં, અધ્યાયમાં બીજની મુક્તિનાં કારણે પાણ્ડવોને પણ ઉદ્ભવેલ વૈરાગ્યનાં વર્ણનથકી આ પ્રકરણમાં જેનું પ્રતિપાદ્દન અભિલષિત છે એવા શ્રોતાની ઉત્તમતાનું નિરૂપણ અભિપ્રેત છે.

આ નવમાં, એટલે કે પંદરમાં, અધ્યાયમાં વૈરાગ્ય એટલે કે સાંસારિક સુખોથી વિરક્ત થઇ જવાને કારણે પાણ્ડવોની મુક્તિ નિરૂપિત કરવામાં આવી છે. આથી આ પ્રકરણમાં વર્ણનીય પ્રમુખ શ્રોતાની ભીતર તેમનાં પૂર્વજોએ કરેલ કર્મો પણ કોઇક પ્રકારે પ્રતિબન્ધક બની ન શક્યા આવું પ્રતિપાદ્દન અભિપ્રેત છે.

આ દસમાં, એટલે કે સોળમાં, અધ્યાયમાં પ્રસ્તુત પ્રકરણમાં વર્ણનીય પ્રમુખ શ્રોતાનાં રાજ્યનાં વર્ણનદ્વારા તેની લૌકિક સામર્થ્યનું નિરૂપણ અભિપ્રેત છે.

આ અગિયારમાં, એટલે કે સત્તરમાં, અધ્યાયમાં ધરણી અને ધર્મ ની રક્ષાને માટે કલિયુગનો નિગ્રહ કરવા અપેક્ષિત અલૌકિક સામર્થ્ય પ્રમુખ શ્રોતાનું કેટલું બધું છે, તે દેખાડવામાં આવી છે.

આ બારમાં, એટલે કે અઢારમાં, અધ્યાયમાં રાજ્ય વિગેરેનાં ત્યાગનાં વર્ણનમાટે તેનાં કારણભૂત વૈરાગ્ય અને તે વૈરાગ્યનાં પણ કારણીભૂત ઋષિનાં પુત્રદ્વારા અપાયેલ શાપનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ તેરમાં, એટલે કે ઓગણીસમાં, અધ્યાયમાં ત્યાગનાં નિરૂપણનાં પ્રસંગમાં ત્યાગ અને સત્સંગ નો લાભ મળતાં પ્રમુખ શ્રોતા દ્વારા પૂછાયેલાં પ્રશ્નો જે શ્રોતાની પ્રમુખ અધિકારિતા સિદ્ધ કરનારા છે, તેમનું વર્ણન કરવામાં આવ્યું છે.

આવી રીતે પ્રથમ સ્કન્ધમાં ૧૯ અધ્યાયોવાળા ત્રણ પ્રકરણો છે.

### (દ્વિતીયસ્કન્ધનાં ત્રણ પ્રકરણો)

સાધનનાં નિરૂપણમાટે આ દ્વિતીય સ્કન્ધ છે. આમાં પણ ત્રણ પ્રકરણો છે : [ક]તત્ત્વધ્યાન [ખ]હૃદયની ભીતર સહજ પ્રસન્નતાનાં મનોભાવ તેમજ [ગ]મનન રૂપી ત્રણ વિષયોનાં નિરૂપણમાટે.

### (૧-૨ બે અધ્યાયોવાળું પ્રથમ [ક]તત્ત્વધ્યાન નું નિરૂપક પ્રકરણ)

તત્ત્વ પોતે સ્થૂલ અને સૂક્ષ્મ નાં પ્રભેદે બે રીતે પ્રતિપાદિત થયેલ છે. આથી તત્ત્વધ્યાનનાં વર્ણનરૂપે બે અધ્યાયો આ પ્રકરણમાં સમાયોજિત છે.

દ્વિતીય સ્કન્ધનાં તત્ત્વધ્યાનનાં પ્રતિપાદક પ્રકરણમાં આવેલ પ્રથમ અધ્યાયમાં સ્થૂલસ્વરૂપનું ધ્યાન વર્ણિત થયેલું છે. તેમજ બીજા અધ્યાયમાં સૂક્ષ્મસ્વરૂપનું ધ્યાન વર્ણિત થયેલ છે.

### (૩-૪ બે અધ્યાયોવાળું દ્વિતીય [ખ]હૃદયની ભીતર સહજ પ્રસન્નતાનાં મનોભાવનું નિરૂપક પ્રકરણ)

જો પોતે સાધકની ભીતર શ્રદ્ધા હોય તો તેને સાધનાનુષ્ઠાનમાં પોતાનાં હૃદયની ભીતર સહજ પ્રસન્નતાનાં મનોભાવ પ્રકટ થતાં હોય છે. આ શ્રવણસાધના હોય કે કીર્તનસાધના બન્ને બાબતમાં સામાન્ય રીતે અભિપ્રેત તથ્ય છે. તેથી આ પ્રકરણમાં પણ બે અધ્યાયો યોજિત થયા છે.

દ્વિતીય સ્કન્ધનાં ત્રીજા અધ્યાયમાં વર્ણનીય હૃત્પ્રસાદનાં રૂપે શ્રોતાની શ્રદ્ધાનું નિરૂપણ અભિલષિત છે. આવા વક્તાની શ્રદ્ધાનાં નિરૂપણમાટે ચતુર્થ અધ્યાય છે.

## (૫-૧૦ આમ છ અધ્યાયોવાળું તૃતીય [૩] મનનરૂપ સાધનની બાબતનું પ્રકરણ)

મનન બે પ્રકારે સમ્ભવે : ૧.કાં તો પોતે જગત્‌ની ઉત્પત્તિની બાબતમાં અથવા તો આ જગત્‌નાં આધિભૌતિક અધ્યાત્મિક કે આધિદૈવિક રૂપો કેવી રીતે ઉત્પન્ન થયાં તે બાબતમાં વિચાર કરવાનાં રૂપે. ૨. અથવા તો આ ઉપપન્ન કેમ થઇ શકે? આ બાબતમાં મનન કરવું.

### ઉત્પત્તિની બાબતમાં મનન :

આને અન્તર્ગત આ સૃષ્ટિમાં : ૧.જે અનિત્ય નામ-રૂપ-કર્મોવાળા પદાર્થ દેખાતા હોય છે, તેમને ઉત્પન્ન થયેલ માનવામાં આવે છે. ૨.આ સૃષ્ટિમાં જે પદાર્થ નિત્ય હોય એટલે કે કોઇ પણ કાલમાં કોઇ ચોક્કસ એક નામ; કે કોઇ એક રૂપ; અથવા તો કોઇ એક કર્મ ની મર્યાદામાં સીમિત ન હોવાં છતાંય કોઇક મર્યાદિત દેશમાં પરિચ્છિન્ન દેખાતું હોય તો તેને ઉત્પન્ન થનાર નહિં પરન્તુ તે-તે દેશ-કાલમાં આવાગમન એટલે કે આવનાર-જનાર માનવાંમાં આવે છે. તે-તે દેશ-કાલમાં આ આવાગમન જ તેમનું જનન તરીકે લાગે છે. ૩.જે પદાર્થ દેશ-કાલની મર્યાદામાં પરિચ્છિન્ન ન માની શકાતાં હોય, તેમની ન તો ઉત્પત્તિ માનવામાં આવે છે કે ન આવાગમન પણ. તે તો ક્યાંક-ક્યારેક કોઇક રૂપમાં પ્રકટ થતાં હોય છે અથવા અપ્રકટ રહેતા માનવામાં આવે છે. આ તેમનું પ્રાકટ્ય જ તેમનાં જનનનાં રૂપે સ્વીકારાતું હોય છે.

ઉત્પત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત પાંચમાં અધ્યાયમાં ચૌદ લોકોની રચનામાં હેતુભૂત અનિત્ય મહદ્દ, અહંકાર, મન, પાંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તેમજ પૃથ્વી જલ તેજ વાયુ અને આકાશ રૂપી પાંચ મહાભૂતો બ્રહ્માણ્ડની ઉત્પત્તિમાં કારણભૂત તત્ત્વ માનવામાં આવ્યાં છે જનન તરીકે નિરૂપણ કરવા.

ઉત્પત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત છઠા અધ્યાયમાં સનાતન જીવાત્મા જે કાલતઃ તો અપરિચ્છિન્ન એટલે કે અવિનાશી હોય છે પણ અણુપરિમાણ હોવાથી દેશતઃ પરિચ્છિન્ન હોવાને કારણે તેમનું બ્રહ્માણ્ડમાં આવાગમનરૂપ જનન થતું હોય છે. અહીં ઋગ્વેદીય પુરુષસૂક્તમાં પ્રતિપાદ્ય નિરૂપણનો પણ અનુવાદ મળતો હોવાથી જીવાત્માનાં માટે ભગવદ્‌ભજન બધાજ ફલોનું સાધક હોય છે, આ સૂચિત કરવામાં આવ્યું છે.

ઉત્પત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત સાતમાં અધ્યાયમાં ભગવાનનું મૂળ સ્વરૂપમાં ભજન સિદ્ધ થઇ શકે તેનાંમાટે, તેમજ ભગવાન્ પોતે દેશ અને કાલ બન્નેમાં અપરિચ્છિન્ન હોવાથી તેમનું પ્રાકટ્યરૂપ જનન માનવામાં આવ્યું છે.

### ઉપપત્તિની બાબતમાં મનન :

ઉપપત્તિનાં હેતુભૂત મનનનાં પણ ત્રણ અંગો દેખાડવામાં આવ્યા છે : ૧.આશંકા ૨.ઉત્તર અને ૩.ફલ. તેથી આ બાબતમાં પણ ત્રણ અધ્યાયો યોજવામાં આવ્યા છે.

ઉપપત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત આઠમાં અધ્યાયમાં જે અહીંયાસુધી પ્રતિપાદિત કરવામાં આવ્યું, એટલે કે જીવાત્મા કે પરમાત્મા નો અચેતન દેહોની સાથે કોઇ પણ પ્રકારનો સમ્બન્ધ કેમ ઉપપન્ન થઇ શકે? આવી આશંકા નિરૂપિત થયેલી છે.

ઉપપત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત નવમાં અધ્યાયમાં જીવાત્મા કે પરમાત્મા નો દેહની સાથે સમ્બન્ધ સંભવે નહિં, આવી આશંકાનો પરિહાર એટલે કે ઉત્તર નિરૂપિત થયેલ છે.

ઉપપત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત દસમાં અધ્યાયમાં આ આશંકા-પરિહારદ્વારા ફલિત થતો નિષ્કર્ષ કે શ્રીભાગવત-કથાનું શ્રવણ અવશ્ય કરવું જોઇએ, આ પ્રતિપાદિત કરવામાં આવ્યું.

આમ બે-બે અધ્યાયોવાળા પ્રથમ-દ્વિતીય પ્રકરણ તેમજ છ અધ્યાયોવાળું અન્તિમ તૃતીય પ્રકરણ, સહુ મળીને, દસ અધ્યાયોમાં દ્વિતીય સ્કન્ધને અન્તર્ગત સાધનનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

## (તૃતીયસ્કન્ધ)

પ્રથમ સ્કન્ધમાં ઉત્તમ મધ્યમ અને આદિમ પ્રકારનાં શ્રવણાધિકાર અને દ્વિતીય સ્કન્ધમાં તત્ત્વધ્યાન હૃત્પ્રસાદ અને મનન રૂપી ત્રણ સાધનોનાં નિરૂપણ કર્યા બાદ હવે આ સ્કન્ધમાં ભગવાન્‌ની દસ લીલાઓમાંથી પહેલી સર્ગરૂપા લીલાનું નિરૂપણ અભિપ્રેત છે. લૌકિક સર્ગ અને અલૌકિક સર્ગ આમ બે પ્રકારનાં સર્ગોના તેત્રીસ પ્રકાર દેખાડવામાં આવ્યા છે. જેમ કે બૃહદારણ્યકોપનિષદ્‌નાં ''દેવતાઓ કેટલા હોય? આઠ વસુ, અગિયાર રુદ્ર, બાર આદિત્ય, આમ એકત્રીસ તદુપરાંત બત્રીસમો ઈન્દ્ર અને તેત્રીસમો પ્રજાપતિ'' (બૃહ.ઉપ.૩।૯।૧-૨) આ વચન મુજબ સ્પષ્ટ થાય છે. આવી રીતે અઠ્ઠાવીસ તત્ત્વ, ચાર પ્રકારનાં ઉદ્‌ભિજ્જ અણ્ડજ જરાયુજ અને સ્વેદજ આમ ચાર જાતનાં ભૂતબીજોની ગણના કરતાં ૩૨ અને ૩૩ મો કાલ આમ લૌકિક સર્ગ પણ તેત્રીસ પ્રકારનો માનવામાં આવે છે. તેથી લૌકિકાલૌકિક કે બન્ધમોક્ષ નાં પ્રભેદને કારણે બે પ્રકરણો અને તેત્રીસ અધ્યાયોવાળો આ સ્કન્ધ છે.

## (પ્રકારાન્તર)

[1]ગુણાતીતસૃષ્ટિ, [2]સગુણસૃષ્ટિ, [3]કાલસૃષ્ટિ, [4]જીવસૃષ્ટિ અને [5]તત્ત્વસૃષ્ટિ આમ પાંચેય પ્રકારની સૃષ્ટિનાં અન્તર્ગત એક પ્રકાર મોક્ષાર્થ સૃષ્ટિનો અને બીજો પ્રકાર બન્ધાર્થ સૃષ્ટિનો આમ સરવાળે બધા મળીને દસ પ્રકરણોવાળો પણ આ સ્કન્ધ માનવામાં આવે છે.

### (તૃતીયસ્કન્ધમાં બન્ધસૃષ્ટિનાં નિરૂપણમાટે ૧-૨-૩-૪-૫-૬ અધ્યાયોવાળું પ્રથમ ગુણાતીતસૃષ્ટિનું પ્રકરણ)

આ પ્રથમ પ્રકરણમાં પ્રથમ અધ્યાય ગુણાતીત તત્ત્વનાં વર્ણનાર્થે છે. આમાં અધિકારનાં પ્રસંગવશ પ્રતિબન્ધની નિવૃત્તિ તીર્થસેવન સત્સંગપ્રીતિ ભગવાન્‌ની બાબતમાં પ્રશ્નાત્મિકા ઉત્કણ્ઠા કે જિજ્ઞાસા નાં રૂપમાં બાહ્યશુદ્ધિ નિરૂપિત થયેલી છે. બીજો અધ્યાય ગુણાતીત કાર્યનાં વર્ણનાર્થ છે. આમાં ભગવત્કથાનાં શ્રવણને કારણે શાસ્ત્રીય રીતિ મુજબ ભગવાન્‌નાં માહાત્મ્યનું જ્ઞાન થાય ત્યારે તે આભ્યન્તર શુદ્ધિનું નિરૂપણ છે. ત્રીજો અધ્યાય પ્રતિબન્ધની નિવૃત્તિદ્વારા ઉત્તમોત્તમાધિકારરૂપ શ્રવણાધિકારનાં વર્ણન માટે છે. આમાં કેવલ ભગવચ્ચરિત્રનાં શ્રવણને કારણે આન્તરિક જ્ઞાનરૂપ ભગવદ્‌ગુણોનું પ્રાકટ્ય પ્રતિપાદિત થયેલ છે. ચોથો અધ્યાય તે અધિકારીની શુદ્ધિનાં વર્ણનાર્થે છે. આમાં ભગવાન્‌નાં પ્રયાણને સમયે વિદ્યમાન અધિકારી ઉદ્ધવની માફક અવિદ્યમાન વિદુર ઉપર આમ બન્ને ઉપર ભગવાને કરલે પ્રસાદનું વર્ણન અભિપ્રેત છે. પાંચમો અધ્યાય તેઓનાં તીર્થાટનરૂપ અધિકારાનુરૂપ સાધનનાં નિરૂપણની બાબતમાં છે. આમાં બ્રહ્માણ્ડનાં કારણીભૂત મહદ્ આદિ તત્ત્વોની ઉત્પત્તિનું નિરૂપણ સ્તુતિદ્વારા કરવામાં આવ્યું છે. છઠ્ઠો અધ્યાય તે ઉત્તમોત્તમાધિકારીની શ્રવણાસક્તિનાં નિરૂપણાર્થ છે. આમાં મહદ્ આદિ તત્ત્વોનાં કાર્યભૂત બ્રહ્માણ્ડરૂપ શરીરની ઉત્પત્તિનું વર્ણન સૃષ્ટિકર્મ કરનારાઓનાં કર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

### (તૃતીયસ્કન્ધમાં બન્ધસૃષ્ટિનાં નિરૂપણાર્થ ૭-૮-૯ અધ્યાયોવાળું દ્વિતીય સગુણસૃષ્ટિનું પ્રકરણ)

પ્રકૃતિનાં ત્રણ, સાત્ત્વિક રાજસ અને તામસ, ગુણોને કારણે સગુણસૃષ્ટિનું પણ નિરૂપણ ત્રણ પ્રકારે આ અધ્યાયોમાં કરવું અભિપ્રેત છે. આ સગુણસૃષ્ટિનાં નિરૂપક પ્રકરણનાં પ્રથમ એટલે કે શરુથી સાતમા અધ્યાયમાં શંકા-સમાધાનનાં રૂપે મતાન્તરનાં આધારે સૃષ્ટિ અને ભગવાન્ ની વચ્ચે ગુણોનાં પ્રવેશનું વર્ણન કરવામાં આવ્યું છે. બીજા

એટલે કે શરુઆતથી આઠમાં અધ્યાયમાં ચતુર્મુખ બ્રહ્માજીને જે એમનાં હૃદયમાં જગત્કારણરૂપે ભગવાન્નાં દર્શન થયા તેને કારણે તેઓ સૃષ્ટિકર્તા બન્યા આવું સમજાવવામાં આવ્યું છે. ત્રીજા એટલે કે શરુઆતથી નવમાં અધ્યાયમાં જે સૃષ્ટિ અવશ્યંભાવી હતી તેની ઉત્પત્તિ સફલ પ્રકારે થાય તેમાટે બ્રહ્માજી દ્વારા કરવામાં આવેલી સ્તુતિનું વર્ણન છે.

### (તૃતીયસ્કન્ધમાં બન્ધસૃષ્ટિનાં નિરૂપણાર્થે ૧૦-૧૧ અધ્યાયોવાળું ત્રીજું કાલસૃષ્ટિનું પ્રકરણ)

આ કાલસૃષ્ટિનાં પ્રકરણમાં, કેમકે, કાલનાં સ્થૂલ અને સૂક્ષ્મ આમ બે પ્રભેદ હોય છે તેથી બે અધ્યાયોમાં વર્ણન અભિલષિત છે.

આ કાલસૃષ્ટિનાં પ્રકરણનાં પ્રથમ એટલે કે શરુઆતથી દસમાં અધ્યાયમાં દસ પ્રકારનાં સર્ગરૂપ કાર્યનાં રૂપમાં કાલજન્મનું વર્ણન થયેલ છે. બીજા એટલે કે શરુઆતથી અગિયારમાં અધ્યાયમાં કાલની પરમાણુથી માંડીને પરાર્ધ સંખ્યા સુધીની ઉપાધિ હોવાને કારણે કાલનાં જન્મનું નિરૂપણ અભિપ્રેત છે.

અમુક્ત જીવો કાલને આધીન જ રહેતા હોવાથી તેમનું નિરૂપણ કાલસૃષ્ટિનાં વર્ણનને અન્તર્ગત જ અહીંયા કરવામાં આવ્યું છે.

### (તૃતીયસ્કન્ધમાં બન્ધસૃષ્ટિનાં નિરૂપણાર્થે ૧૨માં અધ્યાયવાળું ચતુર્થ મુક્તજીવની સૃષ્ટિનું પ્રકરણ)

આ ચોથા પ્રકરણમાં મુક્તજીવની સૃષ્ટિનું વર્ણન એક જ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. આ બારમાં અધ્યાયમાં લોકાતીત લૌકિક મુક્તજીવની સૃષ્ટિનું નિરૂપણ અને આમ તેનાં અંગરૂપે નામસૃષ્ટિનાં પ્રાકટ્યનું નિરૂપણ અભિપ્રેત છે.

### (તૃતીયસ્કન્ધમાં બન્ધસૃષ્ટિનાં નિરૂપણાર્થે ૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯ આમ કુલ સાત અધ્યાયોવાળું પાંચમું પ્રકરણ)

મુક્તિ, કેમકે, બન્ધથી મુક્તિ હોવાનાં અર્થમાં અભિપ્રેત છે. તેથી આ બન્ધસૃષ્ટિનાં પ્રકરણમાં પ્રથમ અધ્યાયથી માંડીને ૨ ઓગણીસમાં અધ્યાય સુધી પાંચ અવાન્તર પ્રકરણોમાં બન્ધસૃષ્ટિનું વર્ણન કરવામાં આવ્યું છે. આનાં પ્રથમ એટલે કે શરુઆતથી તેરમાં અધ્યાયમાં બધા તત્ત્વોની આધારભૂત ભૂમિનાં ઉદ્ધારાર્થે વરાહકલ્પનાં નિરૂપણ દ્વારા મુક્તજીવોની સૃષ્ટિમાં ઉપપત્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આગળનાં છ અધ્યાયોમાં વિસ્તારપૂર્વક જન્મ-મરણાત્મક સંસારનું નિરૂપણ અભિપ્રેત છે.

તે મુજબ બીજા એટલે કે શરુઆતથી ચૌદમાં અધ્યાયમાં મુક્તજીવોની સૃષ્ટિની ઉપપત્તિ આપવામાટે સન્ધ્યાકાલમાં કામ દ્વારા આસુરી બીજનું જનન વર્ણવાયું છે.

તેથી આ ઉપપત્તિનાં અંગરૂપે ત્રીજા એટલે કે શરુઆતથી પંદરમાં અધ્યાયમાં બ્રહ્મશાપને કારણે વૈકુણ્ઠસ્થિત પાર્ષદોનો આસુરબીજમાં સમાગમન પ્રતિપાદિત થયું છે.

ચોથા એટલે કે શરુઆતથી સોળમાં અધ્યાયમાં ભગવાન્દ્વારા શાપ પ્રદાન કરનારને સાન્ત્વના-પ્રદાન અને પોતાનાં પાર્ષદ જય-વિજયની ભીતર ભગવદ્વિભૂતિનાં આવેશનું નિરૂપણ અભિપ્રેત છે.

ઉપપત્તિનિરૂપણનાં અંગરૂપે પાંચમાં એટલે કે શરુઆતથી સત્તરમાં અધ્યાયમાં સૃષ્ટિમાં વધુ પડતો ઉત્કર્ષ નાશનું બીજ બનતું હોય છે આ દેખાડવું અભિપ્રેત છે.

આ ઉપપત્તિનાં પ્રસંગવશ છટ્ઠા એટલે કે શરુઆતથી અઢારમાં અધ્યાયમાં દૈત્યનું ભગવાન્ની સાથે જે

યુદ્ધ થયું તેની નાશકથા વર્ણવાયેલી છે.

આની ઉપપત્તિનાં નિરૂપણાર્થ આ સાતમાં એટલે કે શરુઆતથી ઓગણીસમાં અધ્યાયમાં દૈત્યનાશનની કથા પૂર્ણ થયી.

**(તૃતીયસ્કન્ધમાં મુક્તસૃષ્ટિનાં નિરૂપણાર્થ ૨૦-૨૧-૨૨-૨૩-૨૪ અધ્યાયોવાળું છટ્ઠું તત્ત્વમુક્તિનું પ્રકરણ)**

આ પ્રકરણમાં પ્રથમ એટલે કે શરુઆતથી વીસમાં અધ્યાયમાં આગળનાં ચાર અધ્યાયોમાં કેમકે પુરુષની મુક્તિનું નિરૂપણ અભિપ્રેત હોવાથી મુક્તસૃષ્ટિનાં ઉપક્રમરૂપે યોજિત છે. બાકી ચાર અધ્યાયોમાં પુરુષની મુક્તિનાં નિરૂપણ દ્વારા જ, કેમકે પુરુષદ્વારા ત્યક્ત તત્ત્વો ફરીથી પોતે અપરિગૃહીત અવસ્થામાં રહેલ પોતાનાં સ્વરૂપમાં અવસ્થિત થઇ જતાં હોય છે. આથી તત્ત્વમુક્તિનું નિરૂપણ પણ દ્યોતિત થઇ ગયું જાણી લેવું.

અહીંયા પ્રથમ એટલે કે શરુઆતથી વીસમાં અધ્યાયમાં સાત્ત્વિક રાજસ અને તામસ નાં એક-બીજા સાથે ગુણાકાર કરતાં નવ પ્રકાર સગુણાવસ્થાનાં અને દસમી નિર્ગુણાવસ્થાનાં પ્રભેદે ભગવચ્ચિન્તનમાં પણ સગુણ અને નિર્ગુણ આમ બે પ્રકારનાં સ્વભાવ પ્રકટ થાય છે. આનાં આધારે મોક્ષ ઉપપન્ન થતો હોવાથી મુક્તસૃષ્ટિ પણ ઉપપન્ન થઇ જાય છે.

બીજું એટલે કે શરુઆતથી એકવીસમાં અધ્યાયમાં મોક્ષસૃષ્ટિનાં પ્રકરણમાં તત્ત્વમુક્તિરૂપ અવાન્તરપ્રકરણમાં ભોગસહિત મોક્ષનાં વર્ણનનાં પ્રસંગે કર્દમ અને મનુ ની ધર્મસિદ્ધિઓનું નિરૂપણ થયેલ છે.

ત્રીજા એટલે કે શરુઆતથી બાવીસમાં અધ્યાયમાં ભોગસહિત મોક્ષનાં નિરૂપણ તરીકે ઐહિક-પારલૌકિક ઉત્કર્ષવાળા મનુને કન્યાલાભ અને કર્દમને અર્થલાભ નું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ચોથા એટલે કે શરુઆતથી ત્રેવીસમાં અધ્યાયમાં કર્દમની ભોગસહિત મુક્તિનાં વર્ણનમાં સકલ કામનાઓની પૂર્તિની કથા વર્ણિત થયેલી છે.

પાંચમાં એટલે કે શરુઆતથી ચોવીસમાં અધ્યાયમાં કર્દમ ઋષિને સાંખ્યને કારણે ફલરૂપ મોક્ષની પ્રાપ્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એટલે કે સાંખ્યની પ્રક્રિયાદ્વારા પુરુષનાં પ્રાકૃત ગુણોથી મુક્ત થતાં પ્રાકૃત તત્ત્વો વૈરાગ્યવશ છૂટી જતાં હોવાથી તે તત્ત્વોની મુક્તિ થઇ જતી હોય છે.

**(તૃતીયસ્કન્ધમાં મુક્તસૃષ્ટિનાં નિરૂપણાર્થ પચીસમાં અધ્યાયવાળું સાતમું કાલમુક્તિનું પ્રકરણ)**

જેઓ ગુણાતીત કે ભગવદ્ધીન હોય તેઓની મુક્તિ તો ભક્તિરૂપા જ માનવામાં આવેલી છે તેથી આ પ્રકરણમાં મુખ્ય ભક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ફરીથી કાલમુક્તિનાં રૂપે અભિપ્રેત છે.

**(તૃતીયસ્કન્ધમાં મુક્તસૃષ્ટિનાં નિરૂપણાર્થ ૨૬-૨૭ અધ્યાયોવાળું આઠમું ગુણાતીતમુક્તિનું પ્રકરણ)**

આ પ્રકરણનાં બે અધ્યાયોમાં અજ્ઞાનનિવૃત્તિરૂપ જ્ઞાનનું નિરૂપણ અભિલષિત છે. આ ગુણાતીતમુક્તિલીલાનું પ્રકરણ છે.

અહીંયા પ્રથમ એટલે કે શરુઆતથી છવ્વીસમાં અધ્યાયમાં સાંખ્યશાસ્ત્રની ઉત્પત્તિ તેમજ ઉપપત્તિ બન્નેનાં આધારે અપ્રાકૃત આત્માની ભિન્નતાનાં નિરૂપણ દ્વારા ગુણાતીત આત્માની મુક્તિ વર્ણવાયી છે.

અહીંયા આ બીજા એટલે કે શરુઆતથી સત્તાવીસમાં અધ્યાયમાં સાંખ્યશાસ્ત્રનાં આધારે જ્ઞાન અને તેનાં

સાધન તરીકે ઉપપત્તિઓનું નિરૂપણ થયેલ છે.

**(તૃતીયસ્કન્ધમાં મુક્તસૃષ્ટિનાં નિરૂપણાર્થ અટ્ઠાવીસમાં અધ્યાયવાળું નવમું સગુણમુક્તિનું પ્રકરણ)**

આ પ્રકરણમાં એક અધ્યાયમાં યોગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સગુણોની મુક્તિલીલાનાં રૂપમાં. કેમકે સગુણસૃષ્ટિ જુદા-જુદા ભાવોની સાથે નિર્મિત થયેલી હોવાથી. તેથી તેમની ભીતિ તેમનાં તેવા ભાવોથી મુક્ત થાય તો જ અને પોતે પોતાનાં સ્વરૂપમાં અવસ્થિત થતાં જ સમ્ભવે છે. આ જ્યાં સુધી ચિત્તવૃત્તિઓનો નિરોધ સિદ્ધ ન થાય ત્યાં સુધી શક્ય ન હોવાને કારણે યોગસાધનાનાં નિરૂપણથકી મુક્તિલીલાનું નિરૂપણ અહીંયા અભિલષિત છે.

**(તૃતીયસ્કન્ધમાં મુક્તસૃષ્ટિનાં નિરૂપણાર્થ ૨૯-૩૦-૩૧-૩૨-૩૩ અધ્યાયોવાળું દસમું જીવમુક્તિનું પ્રકરણ)**

આ પ્રકરણનાં પ્રથમ એટલે કે શરુઆતથી ઓગણત્રીસમાં અધ્યાયમાં યોગનાં અંગરૂપે ભક્તિનું નિરૂપણ અભિપ્રેત છે. આગળ બે એટલે કે ૩૦-૩૧ અધ્યાયોમાં વૈરાગ્યનું નિરૂપણ અભિલષિત છે. આથી જીવની મુક્તિલીલાનું આ પ્રકરણ ફલિત થાય છે. બાકી રહેલ બીજા બે એટલે ૩૨-૩૩ અધ્યાયોમાં સ્ત્રીમુક્તિનું વર્ણન અભિપ્રેત છે.

અહીંયા પ્રથમ એટલે કે શરુઆતથી ઓગણત્રીસમાં અધ્યાયમાં મોક્ષસૃષ્ટિનાં પ્રકરણમાં જીવમુક્તિનાં નિરૂપણમાં બધાનાં માટે સાધન બની શકે એવાં ચાર પ્રકારની ભક્તિ અને વૈરાગ્ય નાં અંગરૂપે ભયંકર કાલનાં માહાત્મ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

બીજા અર્થાત્ આદિતઃ ત્રીસમાં અધ્યાયમાં સંસારમાં ભયવશ પ્રકટે વૈરાગ્યના ઉદ્બોધનાર્થ મૃત્યુરૂપ દોષનું નિરૂપણ કર્યુ છે.

ત્રીજા એટલે કે શરુઆતથી એકત્રીસમાં અધ્યાયમાં પહેલા કહી દેવામાં આવ્યું તે મુજબ કાલજનિત મૃત્યુજનિત વૈરાગ્યનાં ઉદ્બોધન માટે પુનર્જન્મરૂપ દોષનું નિરૂપણ અભિપ્રેત છે.

ચોથા એટલે કે શરુઆતથી બત્રીસમાં અધ્યાયમાં આ બધી વાતોનો ઉપસંહાર કરવા બીજી બધી વાતોમાં પણ આવશ્યક એવી ઘણી બધી વાતો પ્રતિપાદિત કરવામાં આવી છે.

પાંચમાં એટલે કે શરુઆતથી તેત્રીસમાં અધ્યાયમાં મુક્તસૃષ્ટિનાં પ્રકરણને અનુરૂપ સર્ગરૂપ ફલનાં બોધક યોગસાધનાદ્વારા દેવહૂતિને મળેલ મોક્ષનું નિરૂપણ કરવામાં આવેલ છે.

આવી રીતે ૧૯ અધ્યાયોવાળી બન્ધસૃષ્ટિ અને ૧૪ અધ્યાયોવાળી મુક્તિસૃષ્ટિ આમ સહુ મળીને ૩૩ અધ્યાયોવાળા દસ પ્રકરણોમાં તૃતીય સ્કન્ધમાં સર્ગલીલા નિરૂપિત થયેલી છે.

અહીંયા સર્ગલીલાનાં નિરૂપણમાં શ્રીશુકદેવજી અને મૈત્રેય ની રીતિ જુદી-જુદી હોવાથી પ્રકરણ અને અધ્યાય નાં મૂલ અર્થોમાં અન્તર પડી જાય છે. તેથી મૈત્રેયની નિરૂપણરીતિનાં મુજબ સર્ગલીલામાં ચાર પ્રકરણ આવી રીતે ગોઠવાયા છે : અધિકારપ્રકરણ, સૃષ્ટિપ્રકરણ, ઉપપત્તિપ્રકરણ અને ફલપ્રકરણ.

આમાં જે સૃષ્ટિપ્રકરણ છે તેમાં [૨]ગુણાતીતસૃષ્ટિ, [૩]સગુણસૃષ્ટિ, [૪]કાલસૃષ્ટિ, [૫]તત્ત્વસૃષ્ટિ અને [૬]જીવસૃષ્ટિ રૂપી પાંચ પ્રકરણો છે.

આનાં પછી આવનાર ઉપપત્તિનાં પ્રકરણમાં [૭/ક]બન્ધસૃષ્ટિ અને [૭/ખ]મોક્ષસૃષ્ટિ નાં પ્રભેદે બે પ્રકારનાં

અવાન્તરપ્રકરણો છે.

ફલપ્રકરણમાં મુક્તિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ મુક્તિ [૮]ભક્તિ [૯]સાંખ્ય અને [૧૦]યોગ નાં ત્રણ પ્રકારભેદે ત્રણ રીતે પ્રતિપાદિત થયેલી છે. આમ તૃતીયસ્કન્ધ દસ પ્રકરણોવાળું મૈત્રેયમતનાં મત મુજબ પ્રતિપાદિત થયું.

આ ફલપ્રકરણમાં ભક્તિનાં અવાન્તરપ્રકરમાં પુનઃ પુંમુક્તિ અને સફલા મુક્તિ આવા બે અવાન્તર પ્રકરણો છે. સાંખ્યમાં અવાન્તરપ્રકરણ નથી પરન્તુ યોગપ્રકરણમાં પુનઃ પોતે યોગ વૈરાગ્ય સર્વનિર્ધાર અને સ્વયં મુક્તિ રૂપ ચાર અવાન્તરપ્રકરણ માનવામાં આવે છે.

આમ શ્રીશુકદેવજીનાં અભિપ્રાય મુજબ સ્થૂલ દષ્ટિએ પાંચ પ્રકરણ સૂક્ષ્મ દષ્ટિએ દસ પ્રકરણ બને છે. જ્યારેકે મૈત્રેયજી મુજબ સ્થૂલ દષ્ટિએ ચાર પ્રકરણ અને સૂક્ષ્મ દષ્ટિએ દસ પ્રકરણ બને છે. આ બન્ને પ્રભેદ દષ્ટિઓનો છે.

ચોથા સ્કન્ધમાં સર્ગલીલાનાં નિરૂપણ બાદ વિસર્ગલીલાનું વર્ણન અભિપ્રેત છે :

## (ચતુર્થસ્કન્ધ)

આ વિસર્ગને અન્તર્ગત અલૌકિક વિસર્ગ એકત્રીસ દેવતાઓની સૃષ્ટિનાં નિરૂપણાર્થે હોવાથી તેમનાં માટે એકત્રીસ અધ્યાયોમાં નિરૂપણ થયેલ છે. આમાં બાર આદિત્ય અગિયાર રુદ્ર અને આઠ વસુ આમ બધા મળીને એકત્રીસ સંખ્યાનો જોડ છે. વિસર્ગલીલામાં ભગવાનનું આવું માહાત્મ્ય દેખાડવું અભિલષિત છે કે વિસર્ગલીલાનાં કર્તા ભગવાને આ વિસર્ગલીલાને પુરુષાર્થરૂપા બનાવવા સારુ એટલે કે વિસૃષ્ટ જીવાત્માઓને ચારેય પ્રકારનાં પુરુષાર્થ પ્રદાન કરવાનો પ્રકાર પણ સમાયોજિત કરવામાં આવ્યો છે. તેથી જ ચતુર્થ સ્કન્ધ ચાર પ્રકરણોદ્વારા વિર્સગલીલાનાં વર્ણનાર્થ છે.

### (વિસર્ગલીલાનાં વર્ણનમાટે ચતુર્થસ્કન્ધમાં સાત અધ્યાયોવાળું પ્રથમ ધર્મરૂપ પુરુષાર્થનું પ્રકરણ)

આ વિસર્ગલીલા દક્ષની સોમયજ્ઞાત્મિકા ધર્મસાધનાના રૂપે વર્ણવાયી છે. આ સોમયજ્ઞાત્મિકા ધર્મસાધનામાં સાત જાતની યજ્ઞસંસ્થા શ્રુતિ-સ્મૃતિ બન્નેનાં આધારે સ્વીકારવામાં આવેલી છે : અગ્નિષ્ટોમ ઉક્થ ષોડશી અપ્તોર્યામ અતિરાત્ર અત્યગ્નિષ્ટોમ અને વાજપેય. તેથી અહીંયા પણ સાત અધ્યાયો સમાયોજિત કરવામાં આવ્યા છે.

૧.આ પ્રકરણનાં પ્રથમ અધ્યાયમાં આ વર્ણિત થયું છે કે કેવી રીતે સ્વાયંભુવ મનુ અને શતરૂપા ને ત્યાં 'આકૂતિ' 'દેવહૂતિ' અને 'પ્રસૂતિ' નામોવાળી ત્રણ કન્યાઓનું જન્મ થયું. કેવી રીતે આકૂતિનો પ્રજાપતિ રુચિની સાથે વિવાહ થયો. તેમનાં દામ્પત્યથી જનમનાર યજ્ઞરૂપી પુત્રને તેનાં નાના સ્વાયંભુવ મનુએ પોતનાં યથાવિધિ પુત્ર બનાવી લીધાં. તેથી પુત્રી દક્ષિણાનો વિવાહ પોતાનાં મામા યજ્ઞની સાથે થયો. આમ મનુની ત્રીજી કન્યા પ્રસૂતિનો વિવાહ બ્રહ્માજીનાં પુત્ર દક્ષની સાથે થયો, આ વિવાહદ્વારા સોળ કન્યાઓનું જન્મ થયું. આ દામ્પત્યથી શ્રદ્ધા મૈત્રી દયા શાન્તિ તુષ્ટિ પુષ્ટિ ક્રિયા ઉન્નતિ બુદ્ધિ મેધા તિતિક્ષા હ્રી અને મૂર્તિ નામોવાળી તેર કન્યાઓ ધર્મરૂપી વરને પ્રદાન કરવામાં આવી. બાકીની ત્રણ કન્યાઓ અગ્નિ પિતૃગણ અને ભવ=મહાદેવજી ને પ્રદાન કરવામાં આવી હતી. આ દામ્પત્યની કથામાં મહાદેવજીની પત્ની દક્ષાત્મજા સતીનાં અપમાનને કારણે જે અનર્થ થયો અને તેને કારણે દક્ષયજ્ઞનો રુદ્રગણોદ્વારા ધ્વંસ કરવામાં આવ્યો, તેની કથાનો ઉપક્રમ પ્રથમાધ્યાયમાં ધર્મપુરુષાર્થનાં પ્રકરણને અન્તર્ગત થયેલ છે.

૨.ધર્મપુરુષાર્થનાં પ્રકરણમાં દ્વિતીય અધ્યાયમાં સસરા દક્ષ અને જમાઈરાજ શ્રીમહાદેવજી નાં વચ્ચે વૈમનસ્યનાં હેતુભૂત પ્રસંગની કથા વર્ણવાયેલી છે.

૩.ધર્મપુરુષાર્થનાં પ્રકરણને અન્તર્ગત તૃતીય અધ્યાયમાં દક્ષયજ્ઞમાં આમન્ત્રણ ન મળ્યું તે છતાંય, તેમજ, શ્રીમહાદેવને અભિપ્રેત ન્હોતું તે છતાંય, દક્ષાત્મજા સતીનાં સંમિલિત થવાની કથા વર્ણવાયેલી છે.

૪.ધર્મપુરુષાર્થનાં પ્રકરણને અન્તર્ગત ચતુર્થ અધ્યાયમાં પોતાનાં પિતા દ્વારા પોતાનાં પતિની નિન્દા ન સાંભળી શકવાને કારણે સતીએ યોગાગ્નિ દ્વારા યજ્ઞમણ્ડપમાં દેહોત્સર્ગ કર્યાના અનર્થની કથા નિરૂપિત થયેલી છે.

૫.ધર્મપુરુષાર્થનાં પ્રકરણને અન્તર્ગત પાંચમાં અધ્યાયમાં તે અનર્થનાં ફલરૂપે દક્ષયજ્ઞનો રુદ્રગણ વીરભદ્રદ્વારા ધ્વંસ કરવામાં આવ્યો, તેને કારણે થયેલ યુદ્ધમાં દેવગણોની રુદ્રગણોનાં હાથે કારમી પરાજયની કથા વર્ણવાયેલી છે.

૬.ધર્મપુરુષાર્થનાં પ્રકરણને અન્તર્ગત છઠા અધ્યાયમાં પરાજિત દેવગણોનું બ્રહ્માજીની સમક્ષ પોતાની દુર્દશાનું વિજ્ઞાપન, બ્રહ્માજીદ્વારા રુદ્રનાં અનુનય કરવાની પ્રેરણા, તેમજ યજ્ઞાનુષ્ઠાનમાં રુદ્રનાં પણ ભાગને માન્ય રાખવાનો દેવગણોનાં નિર્ણયની કથા.

૭.ધર્મપુરુષાર્થનાં પ્રકરણને અન્તર્ગત સાતમાં અધ્યાયમાં શ્રીહરિનું તે યજ્ઞમાં પ્રકટ થવું અને બધા દેવ આદિ ગણોદ્વારા તેમની સ્તુતિથી પ્રસન્ન થયેલ ભગવાને તે યજ્ઞાનુષ્ઠાનને પરિપૂર્ણ બનાવ્યો તેની કથા છે.

આ ધર્મપુરુષાર્થનાં પ્રકરણ પછી અર્થરૂપ પુરુષાર્થનાં પાંચ અધ્યાયોવાળું બીજું પ્રકરણ પ્રારમ્ભ થાય છે :

### (વિસર્ગલીલાનાં વર્ણનમાટે ચતુર્થસ્કન્ધમાં પાંચ અધ્યાયોવાળું બીજું અર્થરૂપ પુરુષાર્થનું પ્રકરણ)

વિસર્ગલીલાનાં વર્ણનમાં અર્થરૂપ પુરુષાર્થનાં પ્રકરણમાં પ્રથમ, એટલે કે શરુઆતથી આઠમાં અધ્યાયમાં ભક્ત બાલક ધ્રુવને [1]સાધનતઃ, એટલે કે ધ્રુવ રાજકુમારની અતિ ઉગ્ર તપસ્યા તેમજ ભગવત્પરિચર્યા વિગેરે સાધનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

વિસર્ગલીલાનાં વર્ણનમાં અર્થપુરુષાર્થરૂપ પ્રકરણમાં દ્વિતીય, એટલે કે શરુઆતથી નવમા અધ્યાયમાં [2]સાધ્યતઃ, એટલે કે ભગવાનનું પ્રાદુર્ભૂત થઈને વરપ્રદાન કરવું વિગેરે રીતથી અર્થપુરુષાર્થની કથા વર્ણિત થઈ છે.

વિસર્ગલીલાનાં વર્ણનમાં અર્થરૂપ પુરુષાર્થનાં પ્રકરણમાં તૃતીય, એટલે કે શરુઆતથી દસમા અધ્યાયમાં [3]રાજ્યનાં પ્રશાસનમાં આવશ્યક યક્ષ વિગેરેનાં વધરૂપ દોષને કારણે, એટલે કે ધ્રુવનાં ક્રોધાવેશ યુદ્ધ વિગેરે રાજદોષોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

વિસર્ગલીલાનાં વર્ણનમાં અર્થરૂપ પુરુષાર્થનાં પ્રકરણમાં ચોથા, એટલે કે શરુઆતથી અગ્યારમા અધ્યાયમાં [4]મનુનાં ઉપદેશને કારણે તે દોષોની નિવૃત્તિ તેમજ [5]ફલપ્રાપ્તિ દ્વારા અર્થરૂપ પુરુષાર્થસાધનની કથા વર્ણિત છે.

વિસર્ગલીલાનાં વર્ણનમાં અર્થરૂપ પુરુષાર્થનાં પ્રકરણમાં પાંચમાં, એટલે કે શરુઆતથી બારમા અધ્યાયમાં ભક્ત ધ્રુવને ભગવત્પદની પ્રાપ્તિરૂપ ફલનું નિરૂપણ અભિપ્રેત છે.

આમ પાંચ પ્રકારે અર્થપુરુષાર્થની કથાનું વર્ણન પાંચ અધ્યાયોમાં કરવામાં આવ્યું. હવે ત્રીજા કામરૂપ પુરુષાર્થની સિદ્ધિની કથા અગ્રિમ અગ્યાર અધ્યાયોમાં કરવામાં આવશે :

**(વિસર્ગલીલાનાં વર્ણનાર્થ ચતુર્થસ્કન્ધને અન્તર્ગત અગિયાર અધ્યાયોવાળું ત્રીજું કામરૂપ પુરુષાર્થનું પ્રકરણ)**

પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય; અને મન કે અન્તઃકરણ આમ અગ્યાર પ્રકારે પ્રકટ થતાં કામનાં આ પ્રકરણમાં અગ્યાર અધ્યાય સમાયોજિત છે. અહિંયા કામનાં નિરૂપણમાટે પૃથુની કથામાં, સર્વકામ અને સ્વકામ રૂપી અવાન્તર બે પ્રકરણો છે.

૧.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામરૂપ પુરુષાર્થનાં પ્રકરણને અન્તર્ગત સર્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં પ્રથમ, એટલે કે શરુઆતથી તેરમાં અધ્યાયમાં ધ્રુવનો વંશ અને તે વંશમાં જનમેલ સાધુ પ્રકૃતિનો રાજા અંગ અને તેનો અસાધુ પ્રકૃતિવાળો અત્યાચારી પુત્ર વેનનાં દુર્ગુણોથી ત્રસ્ત થઈને પિતા અંગ રાજાનાં રાજ્યત્યાગની કથાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

૨.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સર્વકામરૂપ અવાન્તર પ્રકરણમાં દ્વિતીય, એટલે કે શરુઆતથી ચૌદમાં અધ્યાયમાં પ્રજાપર વેનનાં અત્યાચાર અને તેથી પ્રજાની રક્ષામાટે ઋષિયોદ્વારા વેનનો વિનાશ અને આ કારણે કોઈ પણ રક્ષક ન રહી જવાને કારણે પહેલા જણાવેલ હેતુથી અધર્મની અભિવૃદ્ધિ થતાં લોકોમાં વધેલા ઉપદ્રવરૂપ કાર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

૩.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સર્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં તૃતીય, એટલે કે શરુઆતથી પંદરમાં અધ્યાયમાં બ્રહ્મર્ષિઓ દ્વારા ભગવદંશરૂપ મહારાજા પૃથુનું પ્રાદુર્ભાવન અને તેમનાં સુપ્રશાસનનાં ગુણોનાં નિરૂપણની કથા છે.

૪.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સર્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં ચોથા એટલે કે શરુઆતથી સોલમાં અધ્યાયમાં મહાનુભાવ રાજા પૃથુની ભીતર ભગવદાવેશને કારણે દિવ્ય ગુણોનાં નિરૂપણની કથા છે.

૫.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સર્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં પાંચમાં, એટલે કે શરુઆતથી સત્તરમાં અધ્યાયમાં મહારાજા પૃથુએ ભૂમિને બિવડાવવા શરઃસન્ધાન કર્યું અને તે બીકને કારણે ભૂમિએ મહારાજા પૃથુની જે સ્તુતિ કરી તેની કથા પ્રતિપાદિત થયેલી છે.

૬.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સર્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં છઠા, એટલે કે શરુઆતથી અઢારમાં અધ્યાયમાં મહારાજા પૃથુદ્વારા ભૂમિનું સરખી રીતે દોહન કરવાથી તે ફરીથી ઉર્વરા બની અને પૃથ્વી ઉપર વ્રજ ઘોષ ગ્રામ પુર પત્તન દુર્ગ આદિનાં સંવિધાનદ્વારા બધાની કામનાઓની પૂર્તિની કથા વર્ણિત થઈ છે.

૭.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સ્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં સાતમાં, એટલે કે શરુઆતથી ઓગણીસમાં અધ્યાયમાં મહારાજા પૃથુદ્વારા સો અશ્વમેધ યજ્ઞોનાં અનુષ્ઠાન રૂપે શુદ્ધિની કથા નિરૂપિત થઈ છે.

૮.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સ્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં આઠમાં, એટલે કે શરુઆતથી વીસમાં અધ્યાયમાં મહારાજા પૃથુપર ભગવત્પ્રસાદની કથા વર્ણિત થઈ છે.

૯.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સ્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં નવમાં, એટલે કે શરુઆતથી એકવીસમાં અધ્યાયમાં યજ્ઞની રક્ષારૂપ સ્વધર્મનાં ઉપદેશની કથા છે.

૧૦.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સ્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં દસમાં, એટલે કે શરુઆતથી બાવીસમાં અધ્યાયમાં પૃથુ અને સનત્કુમાર નાં સંવાદ અને મહારાજા પૃથુપર દિવ્ય પ્રસાદ અને જ્ઞાન ની કથા વર્ણિત થઈ છે.

૧૧.વિસર્ગલીલાનાં વર્ણનમાં કામપુરુષાર્થરૂપ પ્રકરણને અન્તર્ગત સ્વકામરૂપ અવાન્તર પ્રકરણનાં અગિયારમાં, એટલે કે શરુઆતથી તેવીસમાં અધ્યાયમાં મહારાજા પૃથુએ વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવામાટે રાજ-કાજનો ભાર ત્યાગી દીધો અને વનમાં ઉગ્ર તપસ્યાદ્વારા અન્તમાં બ્રહ્મભાવનાં લાભની કથા.

આમ અગિયાર અધ્યાયોદ્વારા કામપુરુષાર્થનાં સિદ્ધિની કથાનાં પછી હવે મોક્ષરૂપ પુરુષાર્થનાં સિદ્ધિની કથા આઠ અધ્યાયોમાં કરવામાં આવશે :

**(વિસર્ગલીલાનાં વર્ણનરૂપે ચતુર્થસ્કન્ધને અન્તર્ગત આઠ અધ્યાયોવાળું ચોથું મોક્ષરૂપ પુરુષાર્થનું પ્રકરણ)**

મોક્ષનાં પ્રમુખ સ્વરૂપ, કેમકે અહિંયા, બે કહેવા માગે છે : [ક]બ્રહ્મભાવ તથા [ખ]સાયુજ્ય, તેથી બે પ્રકરણો છે.

[ક]એ પૈકી બ્રહ્મભાવ વૈરાગ્ય સાંખ્ય યોગ તપ તથા ભક્તિ રૂપા પંચપર્વા વિદ્યાને કારણે સિદ્ધ થાય છે, તેથી આ બ્રહ્મભાવનાં પ્રકરણમાં પાંચ અધ્યાયોને સમાયોજિત કરવામાં આવ્યા છે. આવી રીતે જ મોક્ષની સિદ્ધિ પ્રાચીનબર્હિષદ પ્રચેતસાએ મેળવી હતી.

[ક/૧]વિસર્ગલીલાને અન્તર્ગત મોક્ષપ્રકરણનાં અવાન્તર સાયુજ્ય પ્રકરણવાળું પ્રથમ, એટલે કે શરુઆતથી ચોવીસમાં, અધ્યાયમાં રુદ્રગીત સ્તોત્રનાં રૂપે સાયુજ્યમુક્તિનું સાધન નિરૂપિત થયેલ છે.

[ક/૨]વિસર્ગલીલાનાં અન્તર્ગત મોક્ષપ્રકરણનાં અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણવાળું દ્વિતીય, એટલે કે શરુઆતથી પચીસમાં અધ્યાયમાં જાગ્રદવસ્થા દ્વારા સર્વવસ્તુઓનાં વિવેકનું નિરૂપણ જીવની સંસારમાર્ગમાં ગતિની સામગ્રિઓનું વર્ણન છે.

[ક/૩]વિસર્ગલીલાનાં અન્તર્ગત મોક્ષપ્રકરણનાં અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણવાળું તૃતીય, એટલે કે શરુઆતથી છવીસમાં અધ્યાયમાં સ્વપ્નાવસ્થા દ્વારા સર્વવસ્તુઓનાં વિવેકનું પ્રતિપાદન સંસારમાર્ગમાં ગમનની સામગ્રિઓનાં વર્ણનરૂપે છે.

[ક/૪]વિસર્ગલીલાનાં અન્તર્ગત મોક્ષપ્રકરણનાં અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણવાળું ચતુર્થ, એટલે કે શરુઆતથી સત્તાવીસમાં અધ્યાયમાં બધી નશ્વર વસ્તુઓનાં વિવેકનાં પ્રતિપાદન દ્વારા સંસારમાર્ગમાં ગમનની સામગ્રિઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

[ક/૫]વિસર્ગલીલાનાં અન્તર્ગત મોક્ષપ્રકરણનાં અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણવાળું પાંચમું, એટલે કે શરુઆતથી અટ્ઠાવીમાં, અધ્યાયમાં સર્વવસ્તુઓનાં સાર્થક વિનાશનાં પ્રતિપાદનદ્વારા મુક્તિમાર્ગમાં ગમનની સામગ્રિઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

[ક/૬]વિસર્ગલીલાનાં અન્તર્ગત મોક્ષપ્રકરણનાં અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણવાળું છઠ્ઠું, એટલે કે શરુઆતથી ઓગણત્રીસમાં અધ્યાયમાં બધા સન્દેહોને દૂર કર્યા પછી ફલનું નિરૂપણ કરવામાં આવેલ છે.

[ખ]ભગવત્સાયુજ્યરૂપ મોક્ષ, કેમકે, સાધન પ્રસાદ અને ફલ આમ ત્રણ પ્રકારે પ્રચેતસોને સિદ્ધ થયેલ તેથી

આ સાયુજ્યનાં પ્રકરણમાં ત્રણ અધ્યાય સમાયોજિત થયેલ છે.

[ખ/૧]વિસર્ગલીલાનાં અન્તર્ગત પરમ મોક્ષરૂપ પ્રકરણનાં અવાન્તર ભગવત્સાયુજ્ય પ્રકરણવાળું પ્રથમ, એટલે કે શરુઆતથી ત્રીસમાં, અધ્યાયમાં પ્રચેતસોને પ્રાપ્ત થયેલ ભગવત્પ્રસાદનું વર્ણન કરવામાં આવ્યું છે.

[ખ/૨]વિસર્ગલીલાને અન્તર્ગત પરમમોક્ષપ્રકરણનાં અવાન્તર ભગવત્સાયુજ્ય પ્રકરણવાળું દ્વિતીય, એટલે કે શરુઆતથી એકત્રીસમાં અધ્યાયમાં પરમફલનું વર્ણન કરવામાં આવ્યું છે.

આમ પાંચ અને ત્રણ બરાબર આઠ અધ્યાયોમાં મોક્ષપ્રકરણ વર્ણિત થયું છે. આ પ્રકારે વિસર્ગલીલાનું નિરૂપણ એકત્રીસ અધ્યાયોદ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે.

*ભાગવતાર્થનિબન્ધગત પ્રકરણ-અધ્યાયાર્થ । ગોકુલરાય-ઘનશ્યામજી-રચિત-ગ્રન્થબોધાર્થ।।*
*ગુર્જરભાષામાં રચ્યો એકકાય સરલાર્થ । શ્યામમનોહરની કૃતિ નિજમતિવિશોધનાર્થ।*